દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર

ગુજરાતમિત્ર ૧૬૩ વર્ષ

બુધવાર ૨૫ માર્ચ, ૨૦૨૬

# હરીશ રાણા પેસિવ યુથેનેસિયા કેસમાં સુપ્રીમ કોર્ટનો ચુકાદો દૂરગામી બની રહેશે

હાલમાં હરીશ રાણા નામના કોમાટોઝ યુવકના કૃત્રિમ જીવનઆધાર દૂર કરીને તેમને મૃત્યુ પામવા દેવા માટે સુપ્રીમ કોર્ટે છૂટ આપી તે ભારતમાં આ સંવેદનશીલ કાનૂની બાબતમાં એક ખૂબ અગત્યનો ચુકાદો બની ગયો છે. આ કેસ ભારતમાં કોર્ટ દ્વારા મંજૂર કરાયેલ નિષ્ક્રિય ઈચ્છામૃત્યુ (Passive Euthanasia) નો પ્રથમ કિસ્સો બન્યો છે. ૧૩ વર્ષ પહેલાં ગંભીર રીતે પડી જવાને કારણે થયેલી મગજની ઈજા બાદ હરીશની સ્થિતિ અત્યંત ગંભીર હતી. તબીબી નિષ્ણાતો સહમત હતા કે તેની સ્થિતિ સુધરવી અશક્ય છે, ત્યારે સુપ્રીમ કોર્ટે સ્પષ્ટતા કરવી પડી હતી કે માત્ર વેન્ટિલેટર સપોર્ટ જ નહીં, પરંતુ પોષણ અને મેડિકલ નળીઓ પાછી ખેંચવી એ પણ કાયદેસર રીતે નિષ્ક્રિય ઈચ્છામૃત્યુ ગણી શકાય. સુપ્રીમના ચુકાદા પછી આ હરીશ રાણાના કૃત્રિમ જીવન આધાર પાછા ખેંચી લેવાયા તેના દસેક દિવસ બાદ મંગળવારે તેમનું અવસાન થયું છે.

જસ્ટિસ જે.બી. પારડીવાલા અને જસ્ટિસ કે.વી. વિશ્વનાથનની બેન્ચે આ ઐતિહાસિક ચુકાદો આપ્યો હતો, જેનાથી પરિવારને હોસ્પિટલમાં લાઈફ સપોર્ટ બંધ કરવાની મંજૂરી મળી અને હરીશ રાણા ગૌરવપૂર્ણ મૃત્યુ પ્રાપ્ત કરી શક્યા. આ કેસે ભારતમાં જીવનના અંતિમ અધિકારો વિશે તબીબી અને કાનૂની વર્તુળોમાં નવી ચર્ચા જગાવી છે. રાણા, જે પંજાબ યુનિવર્સિટીમાં એન્જિનિયરિંગના વિદ્યાર્થી અને ફૂટબોલ પ્રેમી ઉત્સાહી યુવાન હતા, ૨૦૧૩માં તેમના પેઈંગ ગેસ્ટ (PG) આવાસના ચોથા માળેથી પડી જતાં તેમને માથામાં ગંભીર ઈજાઓ થઈ હતી અને ત્યારથી તેઓ કોમામાં હતા. કોર્ટે ઠરાવ્યું છે કે ક્લિનિકલી એડમિનિસ્ટર્ડ ન્યુટ્રિશન એન્ડ હાઈડ્રેશન (CANH) – એટલે કે તબીબી રીતે આપવામાં આવતો ખોરાક અને પાણી – એ 'મૂળભૂત નિર્વાહ' નહીં પણ તબીબી સારવાર છે. આ વર્ગીકરણ 'પેસિવ યુથનેસિયા'ના કિસ્સાઓમાં ખોરાકની નળીને કાનૂની રીતે હટાવવાની મંજૂરી આપે છે, જો કે તે માટે ચોક્કસ તબીબી અને ન્યાયિક સુરક્ષાના માપદંડો પૂર્ણ થતા હોય.

અદાલતે વધુમાં સ્પષ્ટ કર્યું છે કેઃ જીવન રક્ષક પ્રણાલી (લાઈફ સપોર્ટ) હટાવવા માટે દર્દીનું માત્ર 'ટર્મિનલી ઈલ' (અસાધ્ય રીતે બીમાર) હોવું જરૂરી નથી; પર્મેનન્ટ વેજીટેટિવ સ્ટેટ (PVS) એટલે કે લાંબા ગાળાની અચેતન અવસ્થા પણ મેડિકલ બોર્ડની રચના કરવા માટે પૂરતો આધાર છે. આ ચુકાદો દર્દીના શ્રેષ્ઠ હિતને સર્વોપરી માર્ગદર્શક સિદ્ધાંત તરીકે ભાર મૂકે છે. કોર્ટે જણાવ્યું કે જ્યારે સારવાર માત્ર રિકવરીની આશા વગર જૈવિક અસ્તિત્વને લંબાવતી હોય, ત્યારે તબીબી જવાબદારીઓ અનિશ્ચિતકાળ સુધી ચાલુ રહેતી નથી. 11 માર્ચ, 2026 ના રોજ એક ઐતિહાસિક ચુકાદામાં, ભારતીય સર્વોચ્ચ અદાલતે કાયમી વનસ્પતિ અવસ્થા (Permanent Vegetative State)માં, એટલે કે જીવંત શરીર સાથે તદ્દન અચેતન અવસ્થામાં પડી રહેલા દર્દી માટે જીવન-રક્ષક સારવાર પાછી ખેંચવાની મંજૂરી આપીને 'જીવનના અંત' સંબંધિત અધિકારોનો વિસ્તાર કર્યો છે. આ ચુકાદો પુષ્ટિ કરે છે કે ગરિમા સાથે જીવવાનો બંધારણીય અધિકાર 'ગરિમા સાથે મૃત્યુ પામવાના અધિકાર' નો પણ સમાવેશ કરે છે, જે રિકવરીની કોઈ આશા ન હોય ત્યારે તબીબી હસ્તક્ષેપ દૂર કરવાની પરવાનગી આપે છે. હરીશ રાણા સાથે સંકળાયેલો આ કેસ, 2018 ના 'કોમન કોઝ' ચુકાદા પછી પ્રથમ વખત છે જેમાં અદાલતે તબીબી રીતે આપવામાં આવતા પોષણ અને હાઈડ્રેશન સહિત લાઈફ સપોર્ટ પાછી ખેંચવાની સીધી મંજૂરી આપી છે. ભારતમાં અને વિશ્વના મોટાભાગના દેશોમાં સક્રિય સ્વેચ્છામૃત્યુની છૂટ નથી, કે જેમાં દર્દીને ઝેરનું ઇન્જેક્શન જેવા ઉપાય વડે મૃત્યુને હવાલે કરવામાં આવે છે. આમાં દર્દીની પરવાનગી ખૂબ જરૂરી હોય છે. જો દર્દીની પરવાનગી ન હોય અને તેને આ રીતે મૃત્યુને હવાલે કરવામાં આવે તો તે હત્યા ગણાય. અને ભારત સહિતના અનેક દેશોના સમાજોમાં દર્દીની પરવાનગી પછીના પણ આવા ઇચ્છામૃત્યુને યોગ્ય ગણવામાં આવતું નથી, અને આને આત્મહત્યા પણ ગણવામાં આવે છે. વિશ્વના મોટા ભાગના ધર્મો પણ આની પરવાનગી આપતા નથી. પરંતુ હવે પેસિવ યુથેનેસિયાની મંજૂરી ભારતમાં મળી છે. આમાં જીવનને કૃત્રિમ આધારો વડે નિરર્થક રીતે લંબાવ્યે રાખવાની અયોગ્યતાનો ખયાલ છે. જે લોકો જીવતી લાશ જેવી અવસ્થામાં પડી રહ્યા હોય અને જેમના સાજા થવાની કોઇ આશા ન હોવાનો મજબૂત તબીબી અભિપ્રાય હોય તેવા લોકોના કૃત્રિમ જીવન આધાર પાછા ખેંચી લેવાની આમાં વાત છે. આ ચુકાદો ભારતમાં દૂરગામી અસરો કરનારો બની રહેશે.

## પૈસાદાર થવા કરતાં પ્રામાણિક બનો




એક પ્રખ્યાત કંપની હતી. તેની સફળતાનો મૂળ આધાર તેના એન્જિનિયરોની ટીમના મુખ્ય એન્જિનિયરની હોશિયારી પર હતો. મુખ્ય એન્જિનિયર સાહેબ ખૂબ જ હોશિયાર હતા.

એક દિવસ સાંજે હરીફ કંપનીનો મેનેજર તેમને ખાસ રસ્તામાં મળ્યો અને મુખ્ય એન્જિનિયરને આંતરીને કહેવા લાગ્યો, ''એન્જિનિયર સાહેબ, મારી પાસે એક એવી ઓફર છે જે તમારા ફાયદામાં છે. તમે ૨૫ વર્ષમાં જેટલી પ્રગતિ નહીં કરી શકો તેટલી એક જ વર્ષમાં કરી લેશો.'' એન્જિનિયર સાહેબ બોલ્યા, ''ભાઈ, એવી તે કેવી ઓફર તમે કંપની માટે લઈને આવ્યા છો.''હરીફ કંપનીનો મેનેજર બોલ્યો, ''સાહેબ, તમે સમજ્યા નહીં, મારી પાસે ખાસ તમારા માટે ઓફર છે. તમારી કંપની માટે નહીં. અમારી કંપની તમને અત્યારે જે પગાર મળે છે તેના કરતાં ૧૦ ગણો પગાર આપવા અને મુખ્ય એન્જિનિયરની પદવી સાથે ડાયરેક્ટર પદ આપવા પણ તૈયાર છે. જો તમે તમારી આખી ટીમને તમારી સાથે લઈ આવશો તો તેના ઇનામરૂપે માંગો તેટલા લાખો રૂપિયા આપવા પણ કંપની તૈયાર છે. અમારી આ ઓફર સ્વીકારી લો. તમે લાખોમાં રમતાં થઈ જશે જશો.'' એન્જિનિયર સાહેબ બોલ્યા, ''પણ આટલા બધા પૈસા પગાર મને આપવાનું કારણ શું?''હરીફ કંપનીનો મેનેજર બોલ્યો, ''આપની

**ચાર્જિંગ પોઈન્ટ**
**હેતા ભૂષણ**

હોશિયારીનો લાભ અમારી કંપનીને મળે અને તમે અત્યારે કામ કરો છો તે કંપનીની સફળતામાં પાયામાં તમે છો તેથી જો તમે તે કંપની છોડો તો તે કંપની બંધ થઈ જાય તે માટે.'' એન્જિનિયર સાહેબ બોલ્યા, ''પરંતુ ભાઈ, મને તમારી ઓફર મંજૂર નથી. મારા શેઠે મને તૈયાર કર્યો છે. હું તો એક બિનઅનુભવી યુવક હતો ત્યારે તેમણે મને પહેલી તક આપી હતી. હું તેમને નહિ છોડું.''મેનેજરે કહ્યું, ''તમને આટલા બધા પૈસા વધારે મળે છે તેનો તો વિચાર કરો. આટલા બધા પૈસા તમે જીવનભર કામ કરી નહીં કમાઈ શકો. જો અમારી ઓફર સ્વીકારી લેશો તો સફળ અને પૈસાદાર વ્યક્તિમાં તમારી ગણના થશે.'' એન્જિનિયર સાહેબ બોલ્યા, ''મારા શેઠના મારી પર ઘણા ઉપકાર છે.'' મેનેજર બોલ્યો, ''તમારા શેઠને હમણાં કંઈ ખબર પડવા નહીં દઈએ. જોઈએ તો હજુ ઓફર વધારું.''એન્જિનિયર બોલ્યા, ''ના ભાઈ ના, તમે ગમે તેટલી ઓફર વધારો મારી ના જ છે.મારા શેઠનું ઘણું ઋણ છે. મારી ઉપર હું પૈસાદાર થવા કરતાં પ્રામાણિક થવાનું વધુ પસંદ કરીશ.'' નક્કર અને મક્કમ મન સાથે જીવનને સત્યની ભૂમિ પર ટટ્ટાર ખડું રાખનારા માણસ આ ધરતી પર ઓછા હોય છે.

# શા માટે ઈરાની સૈન્ય લડવાનું ચાલુ રાખવા માંગે છે?

**ફિંગર પ્રિન્ટ**
**શેખર ઐયર**

### ઈરાનનો સંઘર્ષ: શહાદત અને ઈતિહાસની અજેય શક્તિ, નેતૃત્વના પતન છતાં અડગ ઈરાન: શું અમેરિકા અને ઈઝરાયેલની ગણતરીઓ ખોટી પડી?

ઈરાનનું યુદ્ધ અત્યારે એક નિર્ણાયક વળાંક પર હોય તેવું લાગે છે, પરંતુ અહીંથી તે કઈ દિશામાં જશે તે એક કોયડો છે. કોઈ જાણતું નથી. યુએસ પ્રમુખ ટ્રમ્પ પણ જાણતા નથી કે ઈરાનને લડાઈ છોડી દેવા માટે કેવી રીતે મજબૂર કરવું.

ટ્રમ્પની જાહેર ટિપ્પણીઓ ઘણીવાર જમીની વાસ્તવિકતાઓથી વિપરીત હોય તેવું લાગે છે. યુએસ પ્રમુખે કહ્યું છે કે,યુદ્ધ લગભગ પૂર્ણ થઈ ગયું છે, પરંતુ નવા અમેરિકન ભૂમિ દળો - જેમાં મરીન એક્સપિડિશનરી યુનિટનો સમાવેશ થાય છે - આ પ્રદેશમાં આવી રહ્યા છે. ઈરાની ઠેકાણાંઓ પર યુએસ અને ઈઝરાયેલના બોમ્બમારા અને મિસાઈલ હુમલા અવિરત ચાલુ છે.

જાન્યુઆરી 2020માં યુએસએ રિવોલ્યુશનરી ગાર્ડ્સના સૌથી અગ્રણી કમાન્ડરોમાંના એક કાસિમ સુલેમાનીની હત્યા કરી હતી. 13 જૂન, 2025ના રોજઈઝરાયેલે 12 દિવસીય યુદ્ધના પ્રથમ દિવસે ઈરાનના લશ્કરી નેતાઓ અને પરમાણુ વૈજ્ઞાનિકોની હત્યા કરી નાખી હતી. આ હત્યાઓ ઈરાન માટે સ્પષ્ટ આંચકો છે, પરંતુ તેના ટોચના નેતાઓ અને કમાન્ડરોને ગુમાવવા છતાં, ઈરાની શાસને પોતાનું કામ જારી રાખ્યું છે અને તેનું સૈન્ય યુએસ-ઈઝરાયેલના આક્રમણ સામે લડવાનું બંધ કરવાનો ઈનકાર કરી રહ્યું છે. જો ઈઝરાયેલ અને યુએસએ એવું વિચાર્યું હોય કે નેતૃત્વને ખતમ કરવાના હુમલાઓથી ઈરાનમાં શાસન વ્યવસ્થા તૂટી પડશે, પરંતુ એવું થતું હોય તેવું લાગતું નથી.

સૌ પ્રથમ આપણે એ સમજવાની જરૂર છે કે, ઈરાનના લોકો અને તેમના નેતાઓની વિચારધારા શું છે અને તેમના ઈતિહાસનો તેના પર શું પ્રભાવ છે. ઈરાનમાં સદીઓથી રાજ્યના વ્યવહાર નક્કી કરવામાં શિયા ઈસ્લામની લાંબી પરંપરા રહી છે. જ્યારથી સફાવિદ વંશે પર્સિયન સામ્રાજ્યના સત્તાવાર ધર્મ તરીકે શિયા ઈસ્લામને અપનાવ્યો ત્યારથી ઈરાન (પર્સિયા) બહુમતી શિયા રહ્યું છે અને 1979ની ઈસ્લામિક ક્રાંતિ કે જેણે પહલવી રાજાશાહીને ઉથલાવી નાખી હતી, ત્યારથી ક્રાંતિકારી રાજ્ય બે સ્તંભો પર ટકેલું છેઃ રાજકીય શિયાવાદ અને રાષ્ટ્રવાદ.

ઈરાનમાં શહાદત આ બંનેના કેન્દ્રમાં રહેલી છે. શિયાઓ ઈમામ અલીથી શરૂ કરીને તેમના શહીદોને પૂજે છે. ખામેની, લારીજાની અને અન્યની હત્યા કરીને યુએસ અને ઈઝરાયેલે તેમના સમર્થકોની નજરમાં તેમને શહાદતના ઉચ્ચ સ્તરે બેસાડી દીધા છે.

પયગંબર મોહમ્મદના મૃત્યુ પછી તેમના અનુયાયીઓ ઉમ્માહ (મુસ્લિમ સમુદાય)નું નેતૃત્વ કોણે કરવું જોઈએ તે મુદ્દે વિભાજિત થયા હતા. એક જૂથે અલીને ટેકો આપ્યો, જે પયગંબરના પિતરાઈ ભાઈ અને જમાઈ હતા, એવી દલીલ કરી કે, નેતૃત્વ તેમના પરિવારમાં જ રહેવું જોઈએ. અન્ય જૂથે પયગંબરના નજીકના સાથી અબુ બક્રને ટેકો આપ્યો, જે પ્રથમ ખલીફા બન્યા.

અલી પાછળથી ચોથા ખલીફા બન્યા. જેઓએ અલીને સાથ આપ્યો તેઓ શિયા [શિયાત અલી] તરીકે ઓળખાયા, જ્યારે રાશિદુન ખલીફા (અબુ બક્ર, ઉમર, ઉસ્માન અને અલી) ના અનુયાયીઓએ સુન્ની પરંપરા બનાવી. અલીનું શાસન આંતરિક સંઘર્ષોથી ભરેલું હતું અને તેમની હત્યા કરવામાં આવી હતી, જેનાથી તેઓ શિયા ઈતિહાસના પ્રથમ શહીદ બન્યા. તેમના પુત્ર હસન, જે બીજા શિયા ઈમામ હતા, તેમણે થોડા સમય માટે ખિલાફત સંભાળી પરંતુ ઉમૈયદઓના દબાણ અને ધમકીઓને કારણે તેમણે સત્તા છોડી દીધી. અલીના નાના પુત્ર હુસૈને ઉમૈયદ શાસક યઝીદને વફાદાર રહેવાનો ઈનકાર કર્યો હતો. ઈ.સ. 680માં આજના ઈરાકમાં આવેલા કરબલામાં યઝીદના સૈન્યએ હુસૈન અને તેમના 72 અનુયાયીઓની હત્યા કરી નાખી હતી.

ત્રીજા શિયા ઈમામ હુસૈનનું શિરચ્છેદ કરવામાં આવ્યું અને તેમનું મસ્તક ઉમૈયદ સત્તાના કેન્દ્ર દમસ્ક લઈ જવામાં આવ્યું. કરબલાનું યુદ્ધ શિયા ધર્મ અને રાજકીય શિયાવાદ બંનેમાં ખૂબ જ મહત્ત્વ ધરાવે છે.

આસ્થા રાખવાવાળાઓ માટે ઈમામ હુસૈન, જેમણે પોતાના જીવના ભોગે પણ સમાધાન કરવાનો ઈનકાર કર્યો હતો, તે બલિદાનના સર્વોચ્ચ આદર્શનું પ્રતીક છે. રાજકીય રીતે સક્રિય શિયાઓ માટે, 'ભ્રષ્ટ' યઝીદ ખિલાફત સામેનો તેમનો વિરોધ અત્યાચાર સામે નૈતિક હિંમતનું પ્રતીક છે.

દર વર્ષે વિશ્વભરના શિયા સમુદાયના લોકો મુહર્રમની 10મી તારીખે આશુરા નિમિત્તે હુસૈનની શહાદતની યાદમાં જુલૂસ કાઢે છે. ઈસ્લામિક ક્રાંતિ દરમિયાન આયાતુલ્લા ખામેનીએ શાહ મોહમ્મદ રઝા પહલવીનો વિરોધ કરવા માટે લોકોને એકત્ર કરવાના હેતુથી બલિદાન અને હિંમત બંનેનું આહ્વાન કર્યું હતું. ખામેનીએ દલીલ કરી હતી કે, રાજા નવો યઝીદ હતો. તેમણે હુસૈનના અનુયાયીઓ-'દબાયેલા લોકો'ને ઊભા થવા માટે આહ્વાન કર્યું અને તેઓ ઊભા થયા. લાખો લોકો, રાજકીય મતભેદો ભૂલીને આ બળવામાં જોડાયા, જેના કારણે શાહનેદેશ છોડીને ભાગી જવાની ફરજ પડી.

રાજાશાહીના પતન પછી ઈસ્લામવાદીઓએ 1979માં સત્તા કબજે કરી અને ઈસ્લામિક રિપબ્લિકની સ્થાપના કરી.ક્રાંતિ પછી ઘણા નિષ્ણાતો અને વિશ્વ નેતાઓને શંકા હતી કે, આ ધર્મ-આધારિત રાજ્ય ટકી શકશે.એક વર્ષમાં ઈરાકી રાષ્ટ્રપતિ સદ્દામ હુસૈને ઈરાન પર આક્રમણ કર્યું, આ આશામાં કે તેનાથી નવા બનેલા પ્રજાસત્તાકનું પતન ઝડપી બનશે.નવું રાજ્ય ક્રાંતિ પછીની વિભાજિત વ્યવસ્થાને સ્થિર કરવા માટે સંઘર્ષ કરી રહ્યું હતું. ડાબેરીઓ, ટ્રેડ યુનિયન કાર્યકરો, ઈસ્લામવાદીઓ અને ઉદારવાદીઓ બધાએ શાહનો વિરોધ કર્યો હતો, પરંતુ સત્તા પર ધર્મગુરુઓના વધતા વર્ચસ્વએ આ ગઠબંધનમાં ભાગલા પાડ્યા હતા.પરંતુ સદ્દામના આક્રમણે સમીકરણ બદલી નાખ્યું. ઈરાનીઓ પોતાના દેશના ધ્વજ નીચે એકઠા થયા; સદ્દામને આધુનિક સમયના યઝીદ તરીકે રજૂ કરવામાં આવ્યો.

યુદ્ધ ચાલુ હતું તે દરમિયાન જ ઈસ્લામિક રિપબ્લિકે કોઈપણ મોટા વિરોધ વિના દેશમાંથી ડાબેરીઓ અને ઉદારવાદીઓને દૂર કરવાનું શરૂ કર્યું. વાસ્તવમાં, આ સંઘર્ષે ધર્મગુરુઓને સત્તા પર પોતાની પકડ મજબૂત કરવામાં મદદ કરી.

૨૮ ફેબ્રુઆરીએ ખામેનીના મૃત્યુ પછી, લારીજાનીએ વારંવાર શહાદતના વિચારોને યાદ કર્યા. તેમણે કહ્યું, "ઈમામ હુસૈનના સંતાનો કોઈનાથી ડરતા નથી." લારીજાનીની હત્યા પછીઈરાનના વર્તમાન સર્વોચ્ચ નેતા મોજતબા ખામેનીએ કહ્યું, "ઈસ્લામિક વ્યવસ્થાના આ વિશાળ વૃક્ષના મૂળમાં આવા લોકોનું લોહી રેડવાથી તે વધુ મજબૂત બનશે." ઈરાનના નેતાઓ જાણે છે કે,ક્રાંતિ બાદના આ ૪૭ વર્ષોમાંઆ દેશે સૌથી ગંભીર પડકારનો સામનો કર્યો છે અને કરી રહ્યું છે, પરંતુ તેમનો જવાબ લડાઈ છોડીને ભાગી જવાનો નથી, પરંતુ ક્રાંતિકારી દેશના વૈચારિક મૂળભૂત સિદ્ધાંતો - શહાદત, બલિદાન અને વેરની ભાવનાને અપનાવવાનો છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

# ગ્રામ પંચાયતો ઉનાળામાં જળ વ્યવસ્થાપનના કાર્યોમાં અગ્રેસર બને

**અવારનવાર**
**ડૉ.નાનક ભટ્ટ**

### વાસ્તવિકતા તો એ છે કે ગુજરાતમાં આજે પણ ૫૭% કૃષિ આકાશી મહેર ઉપર નભે છે

૧૯૬૦ના દાયકાથી શરું થયેલ હરિયાળી ક્રાન્તિનાં કારણે ખેતીના મુખ્ય પાકોની ઉત્પાદકતામાં ૨૬થી ૩૦ ટકાનો વધારો થયો છે. ગુજરાત જેવા વ્યાપારી રાજ્યમાં પણ ૭૦% લોકો ખેતી પર આધાર રાખી આર્થિક વિકાસ સાધી શકે છે. નર્મદા અને આનુષંગિક જળ સંગ્રહ પ્રચલિત થતાં રાજ્યની કુલ જમીનમાં ૩૨.૭% અર્થાત ૩૬.૫૪ લાખ હેક્ટર જમીનમાં પિયતનો લાભ મળે છે. પરંતુ હરિત ક્રાન્તિનું શસ્ત્ર આઝાદીના આઠમાં દાયકામાં હવે વસ્તીના વધારાની વ્યાપક માંગને પહોંચી વળે તેવું ધારદાર રહ્યું નથી, ત્યારે કૃષિ ઉત્પાદનમાં હજુ વધારો કરવા માટે રાસાયણિક ખાતરો સાથે જૈવિક ખાતરનો સુમેળ, પરંપરાગત બિયારણનાં બંધારણમાં ફેરફાર કરી તેને વધુ ઉત્પાદક બનાવવા સાથે કૃષિ ઓજારો અને સિંચાઈના પ્રમાણસર ઉપયોગની પદ્ધતિ દાખલ કરવી પડશે. હરિયાળી ક્રાન્તિનાં કેન્દ્રસ્થાન એવાં ખેડુત, જમીન, પાક, પાણી અને રાસાયણિક ખાતર-દવાને બીજા તબક્કામાં પહોંચાડવા કૃષિ અને કૃષિ ઉત્પાદનને સમગ્રતાથી જોવું પડશે.

પિયત બીજાં બધાં પરિણામોની તુલનામાં પાક ઉત્પાદનમાં ૩૭% જેટલો સહયોગ આપે છે. પરંતુ પિયતનું પાણી ખૂટતું જાય છે. વાસ્તવિકતા તો એ છે કે ગુજરાતમાં આજે પણ ૫૭% કૃષિ આકાશી મહેર ઉપર નભે છે.

જમીનમાં ભેજ સંરક્ષણ માટે ઊભા પાકોમાં મન્ચિંગ ટેકનોલોજી વિકસાવી શકાય તો પાકમાં નીંદણ ઘટે, જમીનમાં ભેજ વધે અનિયમિત વરસાદી હવામાનને અનુકૂળ પાકોનું પૂરક આયોજન થઈ શકે. આ વિષયે ઈઝરાયલની જાહાલ એન્જિનિયરિંગ નામની કંપનીએ ગુજરાતનાં જળ-વ્યવસ્થાપનની વર્તમાન અને ભાવિ જરૂરિયાતોને લક્ષમાં રાખી પોતાના એક અહેવાલમાં જણાવ્યું છે કે

(૧) સરદાર સરોવર પ્રોજેક્ટની નર્મદા કેનાલનું સબ માઈનોરને પૂર્ણ કરવાનું બાકી કાર્ય ત્વરાથી પૂર્ણ કરવું જેથી પાણીની જરૂરિયાતવાળા સૌરાષ્ટ્ર અને કચ્છ જિલ્લાઓની ખેતીમાં ઉત્પાદકતા જળવાઈ રહે.

(૨) સૌરાષ્ટ્ર અને કચ્છના વિસ્તારોમાં જ્યાં નહેરનો લાભ નથી મળવાનો ત્યાં નાની કેનાલોને મુખ્ય નહેર સાથે જોડી ચોમાસામાં ગુજરાતની પૂર્વ પટ્ટીની ૧૧ મુખ્ય નદીઓમાં વધારાનાં પાણીના જથ્થાનો પૂરેપૂરો ઉપયોગ થઈ શકે.

(3) વરસાદી પાણીના રીચાર્જ માટે વૈજ્ઞાનિક અભિગમથી તૈયાર કરેલ કૂવાઓની ડિઝાઈન પ્રચલિત કરી શહેર અને ગામડાઓમાં ખાસ યોજનાઓ તૈયાર કરવી.

(૪) ઉત્તર ગુજરાતના મહેસાણા, સાબરકાંઠા બનાસકાંઠા તેમજ મધ્ય સૌરાષ્ટના પ્રદેશોમાં જ્યાં પાણીનાં તળ ઊંડાં ગયાં છે અને નદીના પટ સૂકા થયા છે, ત્યાં સૂકી નદીના પટમાં રિચાર્જ કૂવા કરવા જેથી ચોમાસાનું પાણી નદીના પૂરમાં વહી જતું અટકે જમીનમાં માટીના ક્ષારો ધોવાય. (૫) પથરાળ જમીનવાળા પ્રદેશો એવા સૌરાષ્ટ્ર અને કચ્છમાં જ્યાં ઊંડા કૂવા કરવા શક્ય નથી, ત્યાં પણ નદી આસપાસ તળાવો ખોદી વહી જતાં પાણીને જમીનમાં ઉતારવું જોઈએ.

(૬) રાજ્ય સરકારે તમામ ગ્રામ પંચાયતોને પોતાની સીમ હદમાં રહેલ જળ સંગ્રહ માટેની સેટેલાઈટ ઈમેજ નકલ સ્વરૂપે આપવી જોઈએ.

ગુજરાત રાજ્યમાં ભૂગર્ભજળનો ઉપયોગ ૬૮ ટકા છે, જ્યારે જમીન પરનાં તળાવ અને નદીઓ-નહેરનાં પાણીનો ઉપયોગ ૩૨ ટકા થાય છે. પરિણામે નદીનાં પાણી દરિયામાં વહી જાય છે અને ભરાઈ રહેલા તળાવનાં પાણી બાષ્પીભવનથી ખાલી થઈ જાય છે. એકંદરે ગુજરાતમાં ભૂગર્ભજળનો વપરાશ વધારે છે. આથી તળાવ, નદી, ખેત તલાવડી ઉપયોગમાં લેવાનો અભિગમ પ્રચલિત કરવો જરૂરી છે. દરિયાકાંઠાના વિસ્તારોમાં જ્યાં ભૂગર્ભજળના અનિયંત્રિત વપરાશથી દરિયાનાં પાણી મીઠા જળના સ્રોતોમાં પ્રવેશ્યાં છે અને પાણી ખારાં થયાં છે, ત્યાં રિવર્સ ઓસ્મોસીસ જેવી ટેકનોલોજી અપનાવવાથી ખારું પાણી મીઠું થઈ શકે છે. દરિયાકાઠાંના વિસ્તારોના કૂવા વરસાદી પાણીથી રીચાર્જ કરવાથી દરિયાનું પાણી કૂવામાં પ્રવેશતું અટકશે ઈઝરાયલના કૃષિ ઈજનેરો પોતાની નોંધમાં જણાવે છે કે :

જળસ્રોત વ્યવસ્થાપન રાજ્ય સરકારોનો વિષય હોઈ, ગુજરાતમાં પિયત વ્યવસ્થામાં ખેડૂતોની ભાગીદારી સુસ્પષ્ટ કરવી જરૂરી છે. સ્વૈચ્છિક સંસ્થાઓ અને ખેડૂતોની જળ-વ્યવસ્થાપનમાં સક્રિયતા વધારવી. સિંચાઈ અને કૃષિ વિભાગ એક જ વહીવટ હેઠળ લાવવા અથવા તો સરકાર કક્ષાએ જરૂરી સંકલન કરવું. પાક સંરક્ષણ માટે વૈજ્ઞાનિક અભિગમ ખૂબ મહત્ત્વનો છે. ખેડૂત રોગ અને જીવાંત વિશેની વૈજ્ઞાનિક માહિતીના અભાવે દવાના વેપારીઓની ભલામણ પ્રમાણે દવાઓ છાંટતો હોય છે, પરિણામે ખેતીને લાભ મળતો નથી, અને માનવ સ્વાસ્થ્યને નુકસાન થાય છે. જરૂરી માર્ગદર્શન પૂરું પાડવું જોઈએ, દવાની માત્રા અંગે માહિતી આપી ખેતીનો ખર્ચ ઘટાડવામાં મદદરૂપ થવું જોઈએ...

ગુજરાતમાં ૬૬ ટકા વિસ્તારમાં કૂવાનાં પાણી મહદંશે ભાંભળાં (ખારાં) અને જરૂરિયાત કરતાં ઓછાં છે. પાણીનો ઉપયોગ કરતી વખતે ખેડૂતો પાસે પાણી, જમીન અને પાકની માવજત તથા પિયતપદ્ધતિની જાણકારી હોવી આવશ્યક છે. પાણીમાં કેવા પ્રકારના અને કેટલા પ્રમાણમાં ક્ષાર છે તેની માહિતી દ્વારા ખેડૂતો વધુ ઉત્પાદન મેળવી શકે છે. ચોમાસામાં વરસાદનાં કે નદી, ઝરણાંનાં પાણીને કૂવામાં ફિલ્ટર પદ્ધતિથી જમીનમાં ઉતારી ભૂજળનો જથ્થો વધારવાથી કૂવાના પાણીની ગુણવત્તા સુધરે છે. કૂવાના પાણીમાં સોડિયમ ક્ષારોનું પ્રમાણ વધારે હોય, ત્યારે પાણીને જિપ્સમનાં થરોમાંથી પસાર કરવાથી પાણીની પી.એચ ઘટાડી શકાય છે. આવતાં દસ વર્ષમાં તો ગુજરાત વોટર ગ્રીડ થકી વર્ષે ૧૪૦૦૦ કરોડનું ખેત ઉત્પાદન કરી હરણફાળ ભરશે. પરંતુ આ માટે હરિયાળી ક્રાન્તિ પછીનાં સંકલિત કૃષિ વ્યવસ્થાપનના માર્ગે વળવું પડશે. અને આ એજન્ડાના અગ્રભાગે જળ વ્યવસ્થાપન અનિવાર્ય બને છે. માર્ચ થી જૂન સુધીના સમયમાં કૃષિ લક્ષી કામો ઘટી જાય છે. ત્યારે ગ્રામ પંચાયતો ખેડૂતોના શ્રમ યોગદાનથી જળ વ્યવસ્થાપનનું કાર્ય કરે તો ચોમાસું સોળ આની બની ખેડૂતને નિશ્ચિત વિકાસ તરફ દોરી શકાશે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

# ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

### માણસ પરખાય વાણીથી..!

વિઝિટિંગ કાર્ડ તો માત્ર તમારું પ્રોફેશનલ સ્ટેટસ બતાવે છે. એમાં તમારા વ્યક્તિત્વનો સાચો પરિચય નથી હોતો,તમારો સાચો પરિચય તો તમારા વાણીવર્તન આપી દે છે. તમે મોઢું ખોલો એટલે ખબર પડે કે ખાણ કોલસાની છે કે હીરાની..? તમારી રીતભાત અને વર્તણૂક એ તમારો સાચો અરીસો છે. તમે પાંચ માણસની વચ્ચે કેવી રીતે તમારા વિચારો મૂકો છો.? તમે રોજિંદા વ્યવહારમાં સાવ સામાન્ય ગણાતા શાકભાજીવાળા, દૂધવાળા, ધોબી કે તમારું ઘરકામ કરનાર સેવક સાથે કઈ રીતે વાત કરો છો, એમાં તમારી સંસ્કારિતા પ્રગટ થાય છે. તમારી ભાષા અને વાતચીતની ધબછબ તમારું પોત પ્રગટ કરે છે. કબીરજી પોતાના દોહામાં કહે છે : ઐસી બાની બોલીએ મન કા આપા ખોય, ઔરન કો શીતલ કરે આપહુ શીતલ હોય. આપણા બોલાયેલા શબ્દોની અસર શાંત હોવી જોઈએ. બળતામાં ઘી હોમે એવી વાણી કુટુંબમાં કલેશ વધારે છે, સંબંધોને છિન્નભિન્ન કરી નાંખે છે. એટલે જ ક્યારે શું, કેટલું અને કેવું બોલવું એનો વિવેક જાળવવો જોઈએ.

**કીમ, સુરત - પ્રકાશ પરમાર**

### પંજાબ પોલીસ કોન્સ્ટેબલની 'યુ ટર્ન'

15 દિવસ પૂર્વે અમૃતસરથી 7 કિ.મી. દૂર એક વિસ્તારમાં એક પોલીસ કોન્સ્ટેબલ પોતાના પુત્રના મૃતદેહ પાસે રસ્તા પર બેસી રહ્યો હતો. તેણે એમ કહ્યું હોવાનું કહેવાય છે કે નશીલી દવાના ઓવરડોઝના કારણે તેનો પુત્ર મૃત્યુ પામ્યો છે. તેણે એવો દાવો કર્યો કે એક ફોન કોલથી પંજાબમાં ગમે ત્યાં નશીલી દવા ઘેર પહોંચાડવામાં આવે છે. આ વીડિયો વાયરલ થતાં, પંજાબ પોલીસ દોડતી થઈ ગઈ. પોલીસ અધિકારીએ એવું નિવેદન જાહેર કર્યું કે તેના પુત્રને હોસ્પિટલમાં લઈ જવાયો ત્યારે સાથે હતો. હોસ્પિટલમાંથી ઘેર લઈ જવાયા બાદ ઘરમાં જ તે મૃત્યુ પામેલ છે. કોન્સ્ટેબલ પિતાએ અહીં યુ ટર્ન લીધો અને કહ્યું કે પોતે લાગણીવશ થઈને અગાઉ નિવેદન કરેલ છે. તે કહી શકતો નથી કે તેના પુત્રનું મૃત્યુ શા કારણથી થયું છે. કદાચ હાર્ટ એટેક હોઈ શકે. આ કોન્સ્ટેબલનો કયો વીડિયો સાચો માનવો તે પ્રશ્ન છે. આપણે ત્યાં છાપ એવી છે કે પોલીસ મોટા ભાગે ગુનાની હકીકત જાહેર કરતી નથી અને ગુનાનો આંકડો ઓછો જાહેર થાય તેમ તેનો પ્રયત્ન હોય છે. વર્તમાન માહોલ જોતાં કોન્સ્ટેબલના બીજા વીડિયો પ્રેરે તેવો ગણાય. કારણ કે બંને નિવેદનો એકબીજાથી બિલકુલ વિરુધ્ધ છે.

**સુરત - અશ્વિનકુમાર ન.કારીઆ**

### પવિત્ર ભાવનું મૈત્રી ઝરણું

'એક છાપાવ્રત'વાળું મારું પણ હજી પણ જીવંત છે. એનું કારણ એટલું જ કે પાંચ દાયકામાં ભલે કૃત્રિમ બુદ્ધિ જંગ જીતતી રહી હોય પણ કુદરતી બુદ્ધિ મરી પરવારી નથી. Postcard મારો આધારકાર્ડ હજી આધાર આપે છે. કારણ કે બધા જ ધર્મની પવિત્રતા તો બસ માનવ ધર્મ માટે Moure Eaztના રખોપાની થઈ જે. ગુજ. મિત્રના સહારે રક્ષિત છે એમાં મારી આંખની પવિત્રતા પણ હૃદયસ્થ છે.

**ધરમપુર - ધીરુ મેરાઈ**

### આજીવન કુંવારાં આશા પારેખ

1942નું આઝાદીની ચળવળનું યાદગાર વર્ષ બીજી ઓક્ટોબરનો ગાંધીજીનો અને લાલબહાદુર શાસ્ત્રીનો જન્મદિવસ. આ પવિત્ર દિવસે અભિનેત્રી આશા પારેખનું 1944ના વર્ષમાં આ ધરતી પર આગમન થયું. આ ગુજરાતી અભિનેત્રીનાં 84 વર્ષ થયાં. આજીવન કુંવારાં આશા પારેખને 'ગુજરાતમિત્ર'ના શો-ટાઈમ પૂર્તિમાં ઓલ્ડ સ્પાઈસ' વિભાગમાં યાદ કર્યાં. કેટલીક ઓછી જાણીતી રસપ્રદ વાતો સાથે આ કોલમમાં વિશેષ જાણકારી આપવામાં આવી છે. રાજેન્દ્ર કુમાર સાથે એની સાંઠના દાયકાની વિજયભરની 'ગુંજ ઊઠી શહેનાઈ' ફિલ્મમાંથી સંજોગવશાત્ રીજેક્ટ કરવામાં આવેલી આ અભિનેત્રીએ ફરી એક વાર 'ઘુંઘટ' ફિલ્મમાં તક મળી હતી. મોહંમદ રફીનું 'હુસ્નવાલે તેરા જવાબ નહીં' ગીત પર એની બ્યુટી સાથે નૃત્યકળાનાં સુંદર દર્શન થયાં હતાં. ક્યારેય એણે અંગ પ્રદર્શન કર્યું નથી. એ જમાનામાં શમ્મીકપુર, જોય મુખરજી, જીતેન્દ્ર શશીકપુર, ધર્મેન્દ્ર, બીશ્વજીત, પ્રદીપકુમાર રાજેન્દ્રકુમાર સાથે અભિનય કરવાની તક મળી. કહેવાય છે કે આશા પારેખની સૌથી વધારે ફિલ્મોએ સિલ્વર જ્યુબિલિ ઉજવી છે. આ ભાગ્યશાળી અભિનેત્રી એક બાબતે કમનસીબ રહી. એને દિલીપકુમાર અને રાજકપુર સાથે અભિનય કરવાની તક મળી નહોતી. એ જમાનામાં એની નૃત્યકળાને કારણે એની 'ચૌલાદેવી' નામની નૃત્યકળા દેશ અને દુનિયામાં બહુ જ લોકપ્રિય બની ગઈ હતી. આ નૃત્યકળાની નાટ્યકથા દ્વારા એણે લોકોનાં દિલ જીતી લીધાં હતાં. અનેક પ્રકારના પુરસ્કાર પણ મળ્યા હતા. સેવાભાવી હોવાને નાતે એણે એના વતન મહુવામાં ગાર્ડન અને આંખની હોસ્પિટલ બનાવી છે. એક ગુજરાતી હોવાને નાતે આ ગુજરાતી સફળ ગોલ્ડન ગર્લ અભિનેત્રીનું શેષ જીવન સ્વસ્થ અને તંદુરસ્ત રહે એવી શુભેચ્છા.

**સુરત - જગદીશ પાનવાલા**

### અદ્રશ્ય રીતે ખૂબ ઊંડી અસર

એક સમય હતો જ્યારે ફિલ્મી ગીતોમાંથી પ્રેરણા મળતી. પ્રેરણા નહીં તો છેલ્લે શુદ્ધ મનોરંજન તો મળતું જ. OTT પર આવતાં ફિલ્મો અને શ્રેણીઓમાં હિંસા અને સેક્સનું પ્રાચુર્ય હોય છે. તાજેતરમાં નોરા ફતેહીનાં ગીત "સરકે ચૂનર" પર પ્રતિબંધ મૂકાયો. જ્યારે ગીતકારો અને ગાયકો શરાબ કે ડ્રગ્સની ઉજવણી કરે છે ત્યારે યુવા હૈયાઓને પ્રોત્સાહન મળે છે. દાયકાઓથી આવાં અભદ્ર ગીતો ગવાતાં આવ્યાં છે. ક્યારેક કોઈ ગીત બાબતે થોડો ઉહાપોહ થાય અને બધું દબાઈ જાય. જ્યારે દ્વિઅર્થી ગીતો ગવાય છે કે તેનું ફિલ્માંકન થાય છે ત્યારે માનવ મન પર વિષય (કન્ટેન્ટ) અદ્રશ્ય રીતે ખૂબ ઊંડી અસર છોડી જાય છે. આમાં અભિવ્યક્તિની સ્વતંત્રતા ક્યાં આવી? અને તે પણ આ જ બાબતે? હમણાં જ એક ફિલ્મે બહુ ડંકો વગાડ્યો તેમાં ગાળાગાળી સાંભળી શકાય છે. સંપૂર્ણતા (પરફેક્શન) માટે આવી છૂટછાટ? જ્યારે આ માહોલ દેખાય છે ત્યારે પ્રશ્ન થાય કે શું પટકથા લેખકો અને ગીતકારો પાસે શબ્દો નથી? કે તેઓ ફક્ત નામ અને દામ કમાવાના આશયથી વા જોઈને સૂપડું મૂકે છે? શું તેઓ સામાજિક ઉત્તરદાયિત્વથી અણજાણ છે? વૈજ્ઞાનિક સંશોધન જણાવે છે કે, હિંસક બાબતો નિહાળીને માનવ મન હિંસક બની જાય છે. એવું જ જાતિયતા બાબતે છે. "દિલ્હી બેલી"માં "ડી કે બોઝ" જેવું વાહિયાત ગીત આવ્યું હતું ત્યારે સ્વ. રાજેન્દ્ર યાદવે એક ઇંટરવ્યૂમાં દલીલ કરતાં જણાવ્યું હતું કે, આ આમ જનતાની ભાષા છે અને તે જાહેરમાં આવે તો વાંધો શો છે? તો તો કોઈ બાબતે કોઈ વાંધો જ નહીં હોવો જોઈએ. તો તો ચોમેર અંધાધૂંધી છવાઈ જાય. તેથી જ આજે આનંદ બક્ષી, હસરત જયપુરી, ઇન્દીવર, મજરૂહ સુલતાનપુરી, અંજાન, ગુલઝારની જેમ આજના ગીતકારોનાં નામ કોઈને ખબર હોતાં નથી કે યાદ રહેતાં નથી.

**બારડોલી - વિરલ વ્યાસ**

### ગોબર -ગેસના ચૂલા યાદ આવે છે

આજકાલ ઈરાન, ઈઝરાયેલ અને અમેરિકા વચ્ચે ચાલતા તણાવ અને યુદ્ધ જેવી પરિસ્થિતિઓની અસર સમગ્ર વિશ્વમાં જોવા મળી રહી છે. તેના કારણે ગેસ સિલિન્ડર અને ઈંધણના ભાવ વધી રહ્યા છે, જેના કારણે ગૃહિણીઓમાં ચિંતા વધી છે.આ પરિસ્થિતિમાં આપણે 1970-80ના સમયને યાદ કરીએ તો તે સમયે ગામડાઓમાં ખેડૂતો પશુપાલન પણ કરતા હતા. ગાય-ભેંસના છાણનો ઉપયોગ કરીને ગોબર ગેસ પ્લાન્ટ બનાવવામાં આવતા હતા. સરકાર દ્વારા ગોબર ગેસ યોજના અમલમાં મૂકી હતી અને તેમાં સબસિડી પણ આપવામાં આવતી હતી. ગામડાઓમાં ઘરઘરે ગોબર ગેસ પ્લાન્ટ હતા, જેમાં છાણને પ્લાન્ટમાં ભેગું કરીને ગેસ ઉત્પન્ન થતો હતો. આ ગેસનો ઉપયોગ રસોઈ અને લાઈટ માટે થતો હતો. આ ગેસ ઓછા દબાણમાં પણ સારી રીતે કામ કરતો અને સસ્તો તથા પર્યાવરણમૈત્રી હતો. પરંતુ સમય બદલાતાં લોકો એલપીજી ગેસ સિલિન્ડર તરફ વળ્યા. હવે કૃત્રિમ તંગી અને વધતા ભાવને કારણે લોકોને મુશ્કેલી પડી રહી છે. ગામડાઓમાં હવે ગાય-ભેંસ અને પશુપાલન પણ ઓછું થઈ ગયું છે. આ પરિસ્થિતિમાં ફરીથી ગોબર ગેસ જેવા વિકલ્પો તરફ ધ્યાન આપવાની જરૂર છે, જેથી ખર્ચ ઓછો થાય અને સ્વાવલંબન વધે. ત્યારે કહેવું પડે " જાને કહા ગયે વો દિન.

**તરસાડા - પ્રવિણસિંહ મહિડા**